# આકાશવાણી ભુજ

**સમાચાર વાચક: કલ્પના શાહ**

**કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ**

**તારીખ : ૨૯-૧૦-૨૦૨૪ મંગળવાર સમય : સાંજે ૬:25 કલાકે**

---

## રોજગાર મેળા:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે , સરકારે આત્મનિર્ભર ભારત પર નોંધપાત્ર કામગીરી કરી છે અને અવકાશથી માંડીને ઇલેક્ટ્રિક વ્હિકલ સુધીની નવી ટેકનોલોજી સહિતનાં તમામ ક્ષેત્રોમાં મેક ઇન ઇન્ડિયાને પ્રોત્સાહન આપ્યું છે.

પ્રધાનમંત્રીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા નવનિયુક્ત યુવાનોને 51 હજારથી વધુ નિમણૂક પત્રોનાં વિતરણ દરમિયાન જણાવ્યું કે, સરકાર દેશનાં યુવાનોને મહત્તમ રોજગારી પૂરી પાડવા માટે પ્રતિબધ્ધ છે.

આ પ્રસંગે અમદાવાદમાં આયોજિત રોજગાર મેળામાં આવકવેરા વિભાગ ટપાલ વિભાગ અને રેલવેના કુલ 78 ઉમેદવારોને નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

- (RNU અમદાવાદ)

---

## રન ફોર યુનિટી-રાજ્ય અને જીલ્લાની ઉજવણી:

કેન્દ્ર સરકારે લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ પ્રસંગે રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવવાનું નક્કી કર્યું છે. આ પ્રસંગે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આજથી ‘રન ફોર યુનિટી’ નો પ્રારંભ થયો છે. અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ‘રન ફોર યુનિટી’ને ફ્લેગ ઑફ કરાવી હતી.

જીલ્લા મથક ભુજ ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના અનુસંધાને આર. ડી. વરસાણી હાઈસ્કૂલ ખાતે રન ફોર યુનિટી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એકતા અને અખંડિતતાના શપથ લઈને પદાધિકારીઓ અને અધિકારીઓ સહિત નાગરિકો આર.ડી.વરસાણી હાઈસ્કૂલથી જ્યુબિલી સર્કલ સુધીની દોડમાં સહભાગી થયા હતા. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

- (RNU અમદાવાદ)

---

## ભુજ-નલિયા પરિયોજના:

અમરેલી જિલ્લાના લાઠી ખાતે   પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે વિવિધ પ્રકલ્પોનાં લોકાર્પણ અંતર્ગત 1100 કરોડના ખર્ચે આકાર પામેલા ભુજ-ન લિયા ગેજ પરિવર્તનના પ્રકલ્પનું લોકાર્પણ કરાયું હતું.

આ પરિયોજનાથી રેલવે સેવાથી વંચિત વિસ્તાર રેલવે નેટવર્ક સાથે જોડાયો છે.

પ્રધાનમંત્રી ભુજ-નલિયા ગેજ પરિવર્તન યોજના રાષ્ટ્રને અર્પણ કરતાં જણાવ્યું હતું કે , આ વિકાસ યોજનાથી રોજગારના વધુ અવસર પ્રાપ્ત થશે , જેનાથી અબડાસા તાલુકાની સામાજિક અને આર્થિક પરિસ્થિતિમાં સુધારો આવશે.

આ રેલવે ખંડ થકી  જીલ્લાનો બાકી રહી ગયેલો વિસ્તાર પણ બ્રોડગેજ રેલવે સેવાઓથી જોડાઈ ગયો છે. આ ઉપરાંત ભુજ-નલિયા સેક્શનમાં 11 નવા રેલવે સ્ટેશનોનું નિર્માણ કરવામાં આવ્યું હોવાનું જણાવાયું છે.

- (NP, કલ્પના શાહ)

---

## ધન્વંતરી પૂજન અને ધનતેરસની ઉજવણી:

આજે રાજ્યભરમાં ધનતેરસ  અને ધન્વંતરી તેરસની ઉજવણી થઈ રહી છે. આ પ્રસંગે ધન્વંતરી ભગવાનની મહાપુજા, અભિષેક, મહાઆરતી, અમૃત કળશકુંભ સ્થાપના, પાટોત્સવ વિષ્ણુયજ્ઞ સહિતના ધન્વંતરી વંદનાના ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે.

આજે વાઘ બારસ અને ધન તેરસનાં   પર્વ સાથે દીપોત્સવીનાં પંચપર્વ  ની ઉજવણીનો આરંભ થયો છે  . આજે સવાર  થી  રોશનીથી ઝગમગતા દેવ  મંદિરોમાં મંગળા આરતીથી વાતાવરણ ગાજતું થયું છે. મોટી સંખ્યામાં ભાવિકો દર્શનાર્થે ઉમટ્યા છે.

તો, જીલ્લા મથક ભુજ, અંજાર, માંડવી, મુન્દ્રા, લખપત સહીત વિવિધ  મંદિરોમાં દિવાળી પર્વની મંગળા આરતી ની પરંપરામાં ભાવિકો જોડાયા હતા . મોડીરાત સુધી  બજારોમાં ખરીદી માટે લોકોની ભીડ જોવા મળી હતી.

આજે દિવસ દરમિયાન  જિલ્લાવાસીઓએ સોના ચાંદીની ખરીદી સાથે ધનતેરસનું શુકન સાચવ્યું હતું.  જીલ્લાભરની સોના-ચાંદી બજારોમાં ભીડ જોવા મળી રહી છે. તો, પૂજાપાઠના સામાન, મૂર્તિઓ અને વાસણોની દુકાનોમાં પણ ઘરાકી જોવા મળી રહી છે.

- (NP, કલ્પના શાહ)

---

## અન્નકૂટની તૈયારીઓ:

સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા અન્નકૂટોત્સવ સમગ્ર દેશ-વિદેશના મંદિરોમાં ઉજવાય છે. ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા અનેક પ્રકારના વ્યંજનો બનાવવાનું કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે. આ કાર્યમાં સત્સંગી હરીભક્ત ભાઈ-બહેનો, સંતો, સાંખ્યયોગી બહેનો સેવા આપી રહ્યા છે.

તો, સ્મૃતિવન ભુજ ખાતે આજે ધનતેરસના દિવસે 51 હજાર દિવા પ્રગટાવીને દિપાવલી પર્વની ઉમંગભેર ઉજવણી કરવામાં આવશે. આ સાથે રાસગરબાનું પણ આયોજન કરાયુ છે.

- (NP, કલ્પના શાહ)

---

## વર્લ્ડ સ્ટ્રોક ડે:

વિશ્વમાં પ્રતિવર્ષ ૨૯ ઓક્ટોબરને વર્લ્ડ સ્ટ્રોક ડે વિશ્વ પક્ષઘાત દિવસ તરીકે મનાવવામાં આવે છે. નિષ્ણાંતોના કહેવા પ્રમાણે શ્રમિકો, કારીગરો તેમજ પોતાના વ્યવસાયમાં લાંબા સમય સુધી ઉભા રહેવું પડતું હોય તેવા લોકોમાં પક્ષઘાતની શક્યતા વધારે રહે છે.

ઉલેખનીય છે કે, દુનિયા ભરમાં સ્ટ્રોક થી પીડિત લોકોની સંખ્યા ૨૦૨૧ માં વધી ને ૧૧. ૯ મિલિયન થઇ છે જે ૧૯૯૦ ની સરખામણીએ ૭૦ ટકા જેટલી વધારે છે. હાલમાં વિશ્વમાં હૃદયરોગ, અને કોવિડ ૧૯ પછી પક્ષઘાત મૃત્યુનું તૃતીય પ્રમુખ કારણ બન્યું છે. ત્યારે આજના દિવસે સ્ટ્રોક અંગે જાગૃતિ લાવીને અટકાવવાના પ્રયત્નો હાથ ધરાય છે.

- (NP, કલ્પના શાહ)

---